દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

બુધવાર ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬

# પ્રજાને પોતાનો અસંમતિનો અવાજ રજૂ કરવા યોગ્ય ધરણા સ્થળ મળવું જરૂરી

દાયકાઓથી, જે ભારતની રાજધાનીમાં લોકશાહીની પ્રતીતિ કરાવતા સ્મારક તરીકે ઊભું રહ્યું હતું જ્યાં લોકો એ આશા સાથે એકઠા થતા હતા કે તેમના અવાજો સત્તા પર બેઠેલા લોકો સુધી પહોંચશે તે જંતર-મંતર પર હવે ધરણા, વિરોધ પ્રદર્શનો કરી શકાશે નહીં, કારણ કે દિલ્હી પોલીસે જંતર-મંતરને ધરણા, દેખાવો વગેરેના સ્થળ તરીકે ડીનોટિફાય કર્યું છે એટલે કે માન્ય ધરણા સ્થળ તે હવે ગણાશે નહીં. આ જંતર મંતરે અન્ના હજારેના ઉપવાસથી લઈને, નિર્ભયા વિરોધ પ્રદર્શનો, તમિલનાડુના ખેડૂતોના ધરણા અને મહિલ પહેલવાનોના ધરણા અને નીટ પેપર લીક આંદોલન સુધી, આ સ્થળે લોક આંદોલનો અને વિરોધની અનેક શક્તિશાળી અભિવ્યક્તિઓ જોઈ છે. જંતર-મંતરને સ્થાને શહેરના કેન્દ્રીય વિસ્તારોમાં નહીં હોય તેવા ત્રણ સ્થળોને ધરણા, આંદોલનના સ્થળો તરીકે જાહેર કરાયા છે.

આમ તો જંતર મંતર એ એક જૂની વેધશાળા છે -- જે સમય અને આકાશગંગાના ગ્રહો-નક્ષત્રોની ગતિ માપવા, જોવા માટે બનાવવામાં આવેલા તેના વિશાળ ભૌમિતિક યંત્રો સાથે આ સ્થળે ઊભું છે. જયપુરના મહારાજા સવાઇ જયસિંહ દ્વારા આ વેધશાળા વર્ષ ૧૭૨૪માં બનાવવામાં આવી હતી. જે સમયે ખગોળીય અવલોકનોના આધુનિક સાધનો નહીં હતા તે સમયે તેના મારફતે પડછાયાઓ વગેરેનો અભ્યાસ કરીને અવકાશી પદાર્થોની ગતિ, સમય વગેરેનો અભ્યાસ કરવામાં આવતો હતો. આધુનિક સમયમાં તેની નજીકનું સ્થળ ધરણા, વિરોધ પ્રદર્શનો વગેરે માટેનું કેન્દ્ર બની ગયું. હવે, દિલ્હી પોલીસ દ્વારા તેને વિરોધ પ્રદર્શન માટેના અધિકૃત સ્થળ તરીકે રદ કરવામાં આવતાં, આ સીમાચિહ્નસ્થળ લોકો માટે પોતાનો અવાજ બુલંદ કરવાના સ્થળ તરીકેનું પોતાનું મહત્ત્વ ગુમાવવાનું જોખમ ઊભું થયું છે. વર્ષોથી, રાજધાનીના હાર્દસમા આ વિસ્તારમાં જીવનના વિવિધ ક્ષેત્રોના લોકો એકઠા થયા છે, જેઓ ભ્રષ્ટાચાર અને અન્યાય સામેની ફરિયાદો, જવાબદારીની માગણી, મહિલાઓની સુરક્ષા અને સામાજિક પરિવર્તન જેવા મુદ્દાઓ પર એકસાથે આવ્યા છે. ઘણા લોકો માટે, જંતર મંતર એ એવા મુદ્દાઓ તરફ દેશનું ધ્યાન દોરવાનું પ્લેટફોર્મ હતું જે કદાચ અન્યથા વણસુણ્યા રહી ગયા હોત. દિલ્હીમાં પહેલા આવા ધરણા, પ્રદર્શનો બોટ કલબ ખાતે થતા હતા. ત્યાં ધરણાઓ કરવા પર ૧૯૯૦માં પ્રતિબંધ મૂકાયા બાદ ધીમે ધીમે જંતર-મંતર ધરણાનું નવું સ્થળ બન્યું. આ સ્થળ પરના પ્રારંભિક મહત્ત્વપૂર્ણ પ્રદર્શનોમાંનું એક 1993માં થયું હતું, જ્યારે સરકારની આર્થિક નીતિઓ અને સાંપ્રદાયિકતા વિરુદ્ધ 'જેલ ભરો' આંદોલન માટે 33 સંસ્થાઓ એકઠી થઈ હતી. અને પછી તો અનેક જાણીતા આંદોલનોનું સાક્ષી તે બન્યું.

માણસને સત્તા અને શાસન સામે પોતાનો વિરોધ વ્યક્ત કરવા આવા વિરોધ પ્રદર્શનો કરવાની જરૂર સદીઓથી રહી છે. જ્યાં લોકશાહી ન હોય ત્યાં પણ આવા પ્રદર્શનો થયા તો છે જ, જો કે આટલા મુક્તપણે નહીં થઇ શકે અને તેમાં ભાગ લેનારાઓ અનેક જોખમોનો સામનો કરતા હોય તે સ્વાભાવિક છે. તિયાનાનમેન ચોકમાં ૧૯૮૯માં લોકશાહીતરફી આંદોલનકારીઓ પર ચીની સરકારે કેવું દમન કર્યું હતું હાલ થોડા દાયકાઓ પહેલાનો જાણીતો ઇતિહાસ છે. તિયાનાનમેન ચોક સહિત વિશ્વના અનેક સ્થળો ધરણા, પ્રદર્શનના સ્થળ તરીકે જાણીતા થયા છે. દિલ્હીમાં જંતર-મંતરને વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે રદ કરવાના નિર્ણયથી ભલે આ બાબત પર ધ્યાન કેન્દ્રિત થયું હોય કે શહેરના હાર્દસમા વિસ્તારમાં દેખાવોની મંજૂરી આપવી જોઈએ કે નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે ઘણા "ફ્રી-સ્પીચ ઝોન" મોટે ભાગે જે-તે શહેરોના કેન્દ્રીય વિસ્તારોમાં સ્થિત છે. લંડનનું હાઇડ પાર્ક સ્થિત સ્પીકર્સ કોર્નર હોય, ટ્રાફલગર સ્ક્વેર અને પાર્લામેન્ટ સ્ક્વેર હોય, ન્યુ યોર્કનું યુનિયન સ્ક્વેર હોય, વોશિંગ્ટનનું લાફાયેટ સ્ક્વેર અને નેશનલ મોલ હોય, તુર્કીના ઇસ્તંબુલનું તકસિમ સ્ક્વેર હોય, સિંગાપોરનું હોંગ લિમ પાર્ક હોય કે પછી પેરિસનું પ્લેસ ડે લા બાસ્ટીલ હોય–આ તમામ કેન્દ્રીય સ્થળોએ જ આવેલા છે. ઉપરાંત, ઇજિપ્તના કૈરોનું તહરીર સ્ક્વેર, કીવનું મૈદાન નેઝાલેઝનોસ્ટી અને બેઇજિંગનું તિયાનમેન સ્ક્વેર તાજેતરના ઇતિહાસમાં સૌથી મોટા દેખાવો માટે વૈશ્વિક સ્તરે જાણીતા બન્યા છે. ધરણા, દેખાવો, વિરોધ પ્રદર્શનો, આંદોલનો સફળ થાય કે નહીં થાય, માણસના વિરોધના કે અસંતોષના અવાજને વ્યક્ત કરવા માટે તે મહત્વના રહ્યા છે અને લોકશાહીમાં તો આગવું મહત્વ ધરાવતા આવ્યા છે. આ સ્થળો દેશની રાજધાની, રાજ્યોના પાટનગરો કે મહત્વના શહેરોના કેન્દ્રીય કે હાર્દસમા વિસ્તારોમાં હોય તે વધુ ઇચ્છનીય છે. આ સાથે જ ધરણા કે દેખાવોને કારણે સામાન્ય વ્યક્તિઓને અગવડો નહીં પડે તેનું ધ્યાન રાખવાનું આંદોલનકારીઓ માટે જ પણ જરૂરી છે. જે-તે આંદોલનને પ્રજાનો કેટલો ટેકો છે તે પણ આ સ્થળોના વિરોધ પ્રદર્શનના માહોલને જોતા અંદાજ આવી જતો હોય છે. પ્રજાજનોને અસંમતિનો અવાજ ઉઠાવવો જ નહીં પડે, અને ઉઠાવવો પડે તો તે માટે જરૂરી મોકળાશ મળી રહે તેમ ઇચ્છીએ.

# કુદરત સાથેનો સંવાદ: વિદ્યાર્થીઓના નાના હાથે મોટો બદલાવ!!

## અવારનવાર

ડૉ.નાનક ભટ્ટ

**બાળકો પોતાના હાથે છોડ વાવે, તેની સંભાળ રાખે અને શાકભાજી ઉગાડવાની પ્રક્રિયા સમજે તો તેમને ખેતી, જમીનની ફળદ્રુપતા અને કુદરતી સંસાધનોના મહત્ત્વ વિશે વ્યવહારુ જ્ઞાન મળે**

માટી, પાણી અને પાંદડાં સાથે બાળકોને જોડતી શિશુવિહારની અનોખી પહેલ

આધુનિક જીવનશૈલી અને મોબાઈલના વધતા વપરાશ વચ્ચે બાળકોને પ્રકૃતિની નજીક લઈ જઈ પર્યાવરણ પ્રત્યે સંવેદનશીલ બનાવવાનો સરાહનીય પ્રયાસ ભાવનગરની શિશુવિહાર સંસ્થા દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. માટીનો સ્પર્શ, પાણીની તાજગી, પાંદડાંની હરિયાળી અને પક્ષીઓ પ્રત્યેની લાગણી સાથે બાળકોને જોડતી આ પહેલ માત્ર શૈક્ષણિક પ્રવૃત્તિ નથી, પરંતુ નવી પેઢીમાં જીવનમૂલ્યો અને સામાજિક જવાબદારીનું સિંચન કરતું અભિયાન છે. વર્ષાઋતુના પ્રારંભથી સ્વાતંત્ર્ય પર્વ એટલે કે ૧૫ ઓગસ્ટ સુધી ચાલનારી આ પહેલમાં ૬૦૦૦ વિદ્યાર્થીઓને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રોજિંદા જીવન સાથે સંકળાયેલી ૩૦ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બાળકો અને તેમનાં વાલીઓને પર્યાવરણની જાળવણી માટે પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે.

આજે પૃથ્વીના વધતા તાપમાન, ગ્લેશિયરોના પીગળવા, પ્રદૂષણ અને પ્લાસ્ટિકના વધતા ઉપયોગ જેવા પડકારો સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય બન્યા છે. પર્યાવરણ સંરક્ષણની વાત આવે ત્યારે ઘણી વાર એવું લાગે છે કે તેના માટે મોટા અભિયાનો કે વિશેષ પ્રયાસોની જરૂર છે. જોકે, વાસ્તવમાં રોજિંદા જીવનમાં નાનાં-નાનાં પરિવર્તનો કરીને પણ પર્યાવરણની જાળવણીમાં મહત્ત્વનો ફાળો આપી શકાય છે. શિશુવિહાર સંસ્થાની પહેલનો મુખ્ય હેતુ બાળકોને આ જ વાત સરળ અને રસપ્રદ રીતે સમજાવવાનો છે. પુસ્તકોમાં પર્યાવરણ વિશે વાંચવાની સાથે બાળકો જાતે પ્રવૃત્તિઓ કરે, પ્રકૃતિને અનુભવે અને તેમાંથી શીખે, એવો વ્યવહારુ અભિગમ અપનાવવામાં આવ્યો છે.

શિશુવિહાર સંસ્થા નવી પેઢીને કૌશલ્ય તાલીમ આપવાની સાથે સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોના વિકાસ માટે પણ કાર્યરત છે. સંસ્થા વર્ષ દરમિયાન ૪૦૦થી વધુ ઉપક્રમો અને સામાજિક જાગૃતિ અભિયાનો દ્વારા પ્રતિવર્ષ ૩.૫ લાખ નાગરિકોને મૂલ્યશિક્ષણ સાથે જોડે છે. વિદ્યાર્થીઓને માત્ર પાઠ્યપુસ્તકો સુધી મર્યાદિત રાખવાને બદલે તેમને સમાજ, પ્રકૃતિ અને વ્યવહારુ જીવન સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ અભિગમથી બાળકોમાં આત્મવિશ્વાસ, સર્જનાત્મકતા, સમુદાય પ્રત્યેની જવાબદારી અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના કેળવવાનો માર્ગ મોકળો બને છે.

પર્યાવરણ જાગૃતિ માટે તૈયાર કરવામાં આવેલી ૩૦ પારિવારિક પ્રવૃત્તિઓ બાળકોને રમતાં-રમતાં જીવનના મહત્ત્વના પાઠ શીખવશે. તેમાંની એક પ્રવૃત્તિમાં કુંડામાં છોડ વાવી તેનો ઉછેર કરવાનો અને ત્યારબાદ તે છોડ કોઈને ભેટમાં આપવાનો સમાવેશ થાય છે. આ પ્રવૃત્તિ બાળકને છોડના ઉછેરની પ્રક્રિયા સમજાવવાની સાથે બીજાના ચહેરા પર ખુશી લાવવાનો આનંદ પણ શીખવે છે. એ જ રીતે, ઝાડ નીચે પડેલાં પાંદડાં એકત્ર કરીને તેમાંથી ચિત્ર બનાવવાની પ્રવૃત્તિ બાળકોની કલ્પનાશક્તિ અને સર્જનાત્મકતાને વેગ આપે છે. કુદરતમાં ઉપલબ્ધ વસ્તુઓનો ઉપયોગ કરીને સુંદર સર્જન કરી શકાય છે, એનો અનુભવ પણ બાળકોને મળે છે.

ઘરના આંગણામાં કે અગાસીમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ વગર શાકભાજી ઉગાડવાની પ્રવૃત્તિ પણ આ અભિયાનનો મહત્ત્વનો ભાગ છે. બાળકો પોતાના હાથે છોડ વાવે, તેની સંભાળ રાખે અને શાકભાજી ઉગાડવાની પ્રક્રિયા સમજે તો તેમને ખેતી, જમીનની ફળદ્રુપતા અને કુદરતી સંસાધનોના મહત્ત્વ વિશે વ્યવહારુ જ્ઞાન મળે. આવી પ્રવૃત્તિઓથી બાળકોમાં મહેનત કરવાની ટેવ, ધીરજ અને પ્રકૃતિ પ્રત્યેનો આદર વિકસે છે. સાથે જ ઘરમાં જ શાકભાજી ઉગાડવાની ટેવથી સ્વચ્છ અને તંદુરસ્ત જીવનશૈલી તરફ પણ પ્રેરણા મળે છે.

પાણીની બચત અંગે જાગૃતિ લાવવા માટે પણ સરળ અને અસરકારક પ્રવૃત્તિઓ સૂચવવામાં આવી છે. અઠવાડિયામાં ત્રણ દિવસ શાવર હેઠળ નહાવાને બદલે ડોલમાં પાણી ભરીને નહાવાની ટેવ અપનાવવાનું જણાવાયું છે. સામાન્ય લાગતી આ પ્રવૃત્તિ બાળકોને પાણીનો બગાડ અટકાવવાનું મહત્ત્વ સમજાવે છે. તેવી જ રીતે, પ્લાસ્ટિકની બોટલને બદલે ધાતુની બોટલ અથવા ગ્લાસનો ઉપયોગ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. આ પગલું સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવા તરફ દોરી જાય છે. પક્ષીઓ માટે પાણીનું કુંડું મૂકવાની પ્રવૃત્તિ બાળકોમાં જીવસૃષ્ટિ પ્રત્યે દયા અને સહાનુભૂતિની ભાવના જગાડે છે. તેનાથી બાળકો સમજે છે કે પૃથ્વી માત્ર મનુષ્યોની જ નહીં, પરંતુ અનેક પ્રાણી-પક્ષીઓની પણ છે. મોબાઈલ અને ઈન્ટરનેટના કૃત્રિમ વિશ્વમાં વધુ સમય વિતાવતાં બાળકોને પ્રકૃતિ સાથે સમય પસાર કરવાની તક મળે છે, જે તેમના શારીરિક, માનસિક અને સામાજિક વિકાસ માટે પણ ઉપયોગી છે.

આ અભિયાનની વિશેષતા એ છે કે બાળકો સાથે તેમનાં માતા-પિતાને પણ જોડવામાં આવ્યાં છે. બાળકો ઘરમાં પ્રવૃત્તિઓ કરે ત્યારે પરિવારના સભ્યોનો સહયોગ મળે છે અને પર્યાવરણ જાળવણીની ટેવો આખા પરિવારમાં વિકસે છે. આમ, એક બાળકથી શરૂ થતી જાગૃતિ પરિવાર અને સમાજ સુધી પહોંચે છે.

બાળકોને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થા દ્વારા પુરસ્કારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તમામ ૩૦ પ્રવૃત્તિઓ પૂર્ણ કર્યા બાદ વાલીઓએ પ્રવૃત્તિ ચાર્ટના પ્રથમ પાનાનો ફોટો સંસ્થાને મોકલવાનો રહેશે. અભિયાનમાં સક્રિય ભાગ લેનાર બાળકોને તેમના ઘરે પ્રમાણપત્ર અને બેજ મોકલીને સન્માનિત કરવામાં આવશે. આ પહેલને આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જયદેવ દીપકભાઈ ઉનડકટનો પણ સહયોગ મળ્યો છે. ડો. અશોક પટેલનાં ચિત્રાંકન અને પ્રા.ડો. સંજય તલસાણિયાના પ્રવૃત્તિ માર્ગદર્શનથી તૈયાર કરાયેલો રસપ્રદ ચાર્ટ વિના મૂલ્યે ઉપલબ્ધ થઈ શકે છે.

પર્યાવરણનું સંરક્ષણ કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે સરકારની જવાબદારી નથી, પરંતુ સમગ્ર સમાજની સહિયારી ફરજ છે. બાળકોમાં નાનપણથી જ પાણી બચાવવું, પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો, વૃક્ષોનું જતન કરવું અને કચરાનું યોગ્ય વર્ગીકરણ કરવું જેવી ટેવો વિકસે તો ભવિષ્યમાં વધુ જવાબદાર નાગરિકોનું નિર્માણ થઈ શકે. ભાવનગરની શિશુવિહાર સંસ્થાની આ પહેલ સાબિત કરે છે કે પર્યાવરણની જાળવણી માટે મોટા પરિવર્તનની રાહ જોવાની જરૂર નથી. પરિવારમાંથી શરૂ થતી નાની-નાની સારી ટેવો શાળા, સમાજ અને શહેર સુધી પહોંચે તો આવનારી પેઢી માટે સ્વચ્છ, હરિયાળી અને ટકાઉ પૃથ્વીનું સ્વપ્ન સાકાર કરવામાં ચોક્કસ મદદ મળી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ઘાયલ ગરુડ અને નાની ચકલી



## ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

ઊંચા પર્વત પર એક ગરુડ રહેતું હતું. તેની ઉડાન એટલી ઊંચી હતી કે બીજાં પક્ષીઓ તેને જોઈને આશ્ચર્ય પામતાં. એક દિવસ શિકારીએ મારેલા તીરથી તેની પાંખ ઘાયલ થઈ અને હંમેશા ઊંચે ઊડતું ગરુડ જમીન પર પડી ગયું.તેને લાગ્યું કે હવે તેનું જીવન પૂરું થયું. જે ગરુડ આકાશનો રાજા ગણાતું હતું, તેણે એક ઝાડની નીચે માંડ આશરો શોધ્યો. તે એક ડાળથી બીજી ડાળ સુધી પણ જઈ શકતું નહોતું.

ગરુડ જે ઝાડની નીચે બેઠું હતું ત્યાં બાજુના ઝાડ પર એક નાની ચકલી રહેતી હતી. તેણે ઘાયલ ગરુડને જોયું અને તેની પાસે આવી અને બોલી, 'ગરુડ રાજા, તમે ચિંતા ન કરો. હું તમને મદદ કરીશ, તે નજીકના ઝરણેથી પાણી લાવી અને ગરુડને પીવડાવ્યું અને તેનો ઘા પણ સાફ કર્યો.

ગરુડને થયું, આ નાનકડી ચકલી શું મદદ કરશે. તેણે કહ્યું, 'તું મને શું બચાવી શકશે? મારી પાંખ ફરી મજબૂત નહીં થાય તો મારી આખી ઓળખ ખોવાઈ જશે.'

નાનકડી ચકલીએ શાંતિથી જવાબ આપ્યો, 'ગરુડ રાજા, હું તમને ઊડાડી નહિ શકું,તમારી પંખો પણ મજબૂત નહિ કરી શકું પણ જ્યાં સુધી તમે સાજા નહિ થાવ ત્યાં સુધી તમને એકલા નહિ છોડું. મારાથી બનતી બધી મદદ કરીશ.'

દિવસો પસાર થયા.ચકલી રોજ મદદ કરતી જ રહી.... ગરુડની પાંખ ધીમે ધીમે સુધરવા લાગી. પહેલાં તેણે જમીન પર ચાલવાની કસરત કરી. પછી નીચી ડાળ પર ચઢ્યું. અંતે એક સવારે તેણે પાંખ ફફડાવી અને નાની ઉડાન ભરી.

તે દિવસે ગરુડને સમજાયું કે સાજું થવું માત્ર શરીરની પ્રક્રિયા નથી; મદદ સ્વીકારવી પણ જરૂરી છે.કેટલાંક અઠવાડિયાં પછી ગરુડ ફરી ઊંચે ઊડવા લાગ્યું. તેણે ચકલીને કહ્યું, 'હું માનતો હતો કે તું નાની હોવાથી તું શું મદદ કરીશ અને કરીશ તો પણ તારી મદદ સાવ નાની હશે. આજે સમજાયું કે મદદનું મૂલ્ય આપનારની શક્તિથી નહીં, જરૂરિયાતના સમયે તેની હાજરીથી નક્કી થાય છે. બોલ, હું શું કરું તારા માટે.' ચકલી હસી અને બોલી, 'હવે તમે ઊડી શકો છો. જ્યારે કોઈ બીજું પક્ષી પડે, ત્યારે તેની બાજુમાં ઊભું રહેવાનું ભૂલતા નહીં.' મુશ્કેલીમાં મદદ સ્વીકારવી કમજોરી નથી અને મદદ કરનારની શક્તિ કરતાં તેની કરુણા વધુ મૂલ્યવાન હોઈ શકે છે. સાચી સફળતા એ નથી કે આપણે ક્યારેય પડીએ નહીં; સાચી સફળતા એ છે કે ફરી ઊભા થઈને બીજાને પણ ઊભા થવામાં મદદ કરીએ અને કોઈ મુશ્કેલીમાં હોય ત્યારે તેનો સાથ આપીએ.

# રસ્તાઓ પર થઈ રહેલાં વિરોધ પ્રદર્શનો આપણને ક્યાં લઈ જશે?

## ફિંગર પ્રિન્ટ

શેખર ઐયર

**લોકશાહીમાં ચૂંટણી પંચની નિષ્પક્ષતા અંગે સવાલો ઉઠાવવાનો અધિકાર વિપક્ષને છે, પરંતુ આક્ષેપો સાથે વિશ્વસનીય પુરાવા અને મજબૂત સંગઠન પણ જરૂરી છે**

નવી દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો હવે રાજકીય શક્તિપ્રદર્શનનું સ્વરૂપ ધારણ કરી રહ્યા છે. યુવાનોના નેતૃત્વ હેઠળના 'કોકરોચ' આંદોલન (કોકરોચ જનતા પાર્ટી)થી લઈને કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ સુધી સૌ પોતપોતાની રાજકીય રણનીતિ અજમાવી રહ્યા છે. જોકે, આ વિરોધ પ્રદર્શનો ખરેખર લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરશે કે પછી માત્ર રાજકીય પક્ષોને પોતાનો પ્રભાવ વધારવાની તક આપશે, તે મહત્ત્વનો પ્રશ્ન છે.

10 ઓક્ટોબરે દિલ્હીમાં વિરોધ પ્રદર્શનને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી હતી. દિલ્હી પહોંચનારી 245 ટ્રેનો રદ કરવામાં આવી હતી, મેટ્રોના 40થી વધુ સ્ટેશનો બંધ કરાયા હતા અને બસોના રૂટ બદલવામાં આવ્યા હતા. અનેક શાળાઓમાં ઑનલાઈન વર્ગો યોજાયા હતા, જ્યારે કેટલીક પરીક્ષાઓ પણ રદ કરવામાં આવી હતી. પરિણામે, કોકરોચ જનતા પાર્ટીના કાર્યકર્તાઓ જંતર મંતર સુધી પહોંચી શક્યા નહોતા. તેના નેતા અભિજિત દીપક સહિત અનેક કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા 7,000થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ જંતર મંતરને વિરોધસ્થળ તરીકે રદ કરીને અન્ય નિયુક્ત સ્થળોએ પ્રદર્શન કરવા જણાવાયું હતું.

આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે સુપ્રીમ કોર્ટે હસ્તક્ષેપ કર્યો છે, પરંતુ રાજકીય માગણીઓ પર સીધો નિર્ણય આપવાનો ઈનકાર કર્યો છે. સવાલ એ છે કે શું મુખ્ય ચૂંટણી કમિશનરનું રાજીનામું આવી તમામ સમસ્યાઓનો ઉકેલ બની શકે? શું કોઈ એક વ્યક્તિના રાજીનામાથી ચૂંટણી પ્રક્રિયા અંગેના તમામ સવાલોનો અંત આવશે? અને જો રાજીનામું આપવામાં આવે, તો શું વિરોધ કરનારાં જૂથો પોતાનાં આંદોલનો બંધ કરી દેશે? આ પ્રશ્નોના જવાબો વિના માત્ર રસ્તા પરના વિરોધથી કોઈ કાયમી ઉકેલ મળવો મુશ્કેલ છે.

રાહુલ ગાંધી છેલ્લા કેટલાક સમયથી વિરોધ પ્રદર્શનોની નવી શૈલી અપનાવી રહ્યા છે. 6 ઓક્ટોબરે તેમણે 200થી વધુ સાંસદો સાથે સંસદથી ચૂંટણી પંચની ઈમારત તરફ કૂચ કરી હતી. પોલીસ અને અર્ધલશ્કરી દળોએ તેમને આકાશવાણી ભવન નજીક રોક્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના સાંસદોએ નવ કલાક સુધી ધરણાં કર્યાં હતાં. રાહુલ ગાંધી અને અન્ય નેતાઓએ ચૂંટણી કમિશનરોને મળવાની માગ કરી હતી, જ્યારે ચૂંટણી પંચે બેઠક માટે કોઈ વિનંતી મળી ન હોવાનું જણાવ્યું હતું. બીજા દિવસે પ્રિયંકા ગાંધી સહિત કોંગ્રેસના કેટલાક નેતાઓની પણ અટકાયત કરવામાં આવી હતી.

9 ઓક્ટોબરે રાહુલ ગાંધીના નેતૃત્વમાં ઈન્ડિયા ગઠબંધનના પ્રતિનિધિમંડળે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરી હતી. રાહુલ ગાંધીએ આ મુલાકાતને 'અવિશ્વસનીય બેઠક' ગણાવી હતી અને દાવો કર્યો હતો કે રાષ્ટ્રપતિએ વિપક્ષના 'વોટ ચોરી'ના આરોપોના પુરાવા માગ્યા હતા. આ સમગ્ર અભિયાન દ્વારા રાહુલ ગાંધી ચૂંટણી પ્રક્રિયા અંગેના પ્રશ્નોને રાષ્ટ્રીય ચર્ચાના કેન્દ્રમાં લાવવા માગે છે.

પરંતુ આ વિરોધ પાછળ રાજકીય ગણતરીઓ પણ રહેલી છે. આગામી વર્ષે ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, ગોવા અને મણિપુરમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ ચૂંટણીઓ 2029ની લોકસભાની ચૂંટણી પહેલાં રાજકીય પક્ષો માટે પોતાની તાકાત ચકાસવાની તક બની શકે છે. ખાસ કરીને કોંગ્રેસ માટે આ સમયગાળો મહત્ત્વનો છે. ઉત્તર પ્રદેશમાં પક્ષનું સંગઠન નબળું છે અને પંજાબમાં આમ આદમી પાર્ટી તેની મુખ્ય હરીફ છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ પોતાની હાજરી મજબૂત કરવા અને વિપક્ષી રાજકારણમાં અગ્રસ્થાન મેળવવા માગે છે.

આમ આદમી પાર્ટીએ આ વિરોધ પ્રદર્શનોથી અંતર જાળવ્યું છે. પંજાબમાં કોંગ્રેસ અને આપ વચ્ચે સીધી રાજકીય હરીફાઈ છે, જ્યારે ગુજરાતમાં પણ આપ પોતાનો જનાધાર વધારવા માગે છે. ગુજરાતની છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં 12.92 ટકા મત મેળવીને આપ રાષ્ટ્રીય રાજકારણમાં પોતાની જગ્યા મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. તેથી કોંગ્રેસ સાથે એક જ મંચ પર ઊભા રહેવાથી પોતાની સ્વતંત્ર રાજકીય ઓળખને નુકસાન ન થાય તેની કાળજી આપ રાખી રહી છે.

બીજી તરફ, વિપક્ષી પક્ષો માટે કોંગ્રેસનું સમર્થન પણ જરૂરી છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ અને બિહારમાં તેજસ્વી યાદવના રાષ્ટ્રીય જનતા દળ સામે રાજકીય પડકારો છે. આવા સંજોગોમાં વિપક્ષી પક્ષો કોંગ્રેસને સંપૂર્ણપણે દૂર રાખી શકે તેમ નથી, પરંતુ પોતપોતાના રાજ્યોમાં કોંગ્રેસનો પ્રભાવ વધે તેવું પણ ઈચ્છતા નથી. આ વિરોધાભાસ ઈન્ડિયા ગઠબંધનની એકતા સામે મોટો પડકાર છે.

રાહુલ ગાંધી આ પરિસ્થિતિમાં કોંગ્રેસ માટે રાજકીય તક જોઈ રહ્યા છે. તેઓ ઈચ્છે છે કે પક્ષ ક્ષેત્રીય નેતાઓ સાથેની વાટાઘાટોમાં મજબૂત સ્થિતિમાં રહે. જોકે, રસ્તા પરના વિરોધ પ્રદર્શનો અને રાજકીય દૃશ્યતા જ ચૂંટણીમાં જીતની ખાતરી આપતાં નથી. લોકશાહીમાં ચૂંટણી પંચની નિષ્પક્ષતા અંગે સવાલો ઉઠાવવાનો અધિકાર વિપક્ષને છે, પરંતુ આક્ષેપો સાથે વિશ્વસનીય પુરાવા અને મજબૂત સંગઠન પણ જરૂરી છે.

આખરે, રાહુલ ગાંધીનું અભિયાન કેટલું સફળ થશે તેનો નિર્ણય રસ્તા પરની ભીડ નહીં, પરંતુ મતદારો કરશે. કોંગ્રેસે આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં સંગઠન, નેતૃત્વ અને જનવિશ્વાસ મજબૂત કરવો પડશે. માત્ર વિરોધના મંચ પર મુખ્ય ચહેરો બનવાથી 2029માં નરેન્દ્ર મોદી સામે પડકાર ઊભો કરી શકાશે નહીં. રાજકીય સફળતા માટે આંદોલનની સાથે લોકોના રોજિંદા પ્રશ્નોના ઉકેલ અને વિશ્વસનીય વિકલ્પની રજૂઆત પણ એટલી જ જરૂરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## નવરાત્રી પર્વ અને સ્ત્રીઓનું સન્માન

નવરાત્રી શક્તિની ઉપાસનાનું પવિત્ર પર્વ છે. આજના સમયમાં પરંપરાગત ગરબા અને આધુનિક આયોજનથી આ ઉત્સવને નવી ઓળખ મળી છે. યુવા પેઢીને સંસ્કૃતિ સાથે જોડવાની આ ઉત્તમ તક છે. જોકે, અતિશય દેખાડો, બિનજરૂરી ખર્ચ, ઊંચા અવાજે સંગીત અને મોડી રાત સુધીના કાર્યક્રમો પર્યાવરણ, આરોગ્ય અને સામાજિક જવાબદારીઓને અસર કરે છે. તેથી આનંદની સાથે સાદગી, શિસ્ત અને જવાબદારી જાળવવી જરૂરી છે. નવરાત્રીમાં માતાજીનાં વિવિધ સ્વરૂપોની પૂજા કરવાની સાથે નારીશક્તિ પ્રત્યે આદર વ્યક્ત કરવો જોઈએ. આ પર્વનો સંદેશ માત્ર ધાર્મિક વિધિઓ કે ગરબા પૂરતો મર્યાદિત નથી, પરંતુ દરેક સ્ત્રીને સન્માન, સમાનતા અને સુરક્ષા આપવાનો પણ છે. આજે સ્ત્રીઓ શિક્ષણ, વિજ્ઞાન, રમતગમત સહિત અનેક ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહી છે, છતાં ભેદભાવ અને અસમાનતા જોવા મળે છે. માતા-પિતા અને શિક્ષકોએ બાળકોમાં બાળપણથી જ સ્ત્રી-પુરુષ સમાનતા, પરસ્પર આદર અને સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. પરંપરાગત ગરબાનું જતન, સ્થાનિક કલાકારોને પ્રોત્સાહન, પર્યાવરણને અનુકૂળ આયોજન અને ધ્વનિ પ્રદૂષણ પર નિયંત્રણ દ્વારા ઉત્સવને વધુ અર્થપૂર્ણ બનાવી શકાય છે. માતાજીની પૂજાની સાથે દરેક સ્ત્રીનું સન્માન અને રક્ષણ થાય તથા નાગરિકોમાં સામાજિક જવાબદારીની ભાવના વિકસે, ત્યારે જ નવરાત્રીની ઉજવણી સાચા અર્થમાં સાર્થક બને છે.

**નવસારી** — **મહાદેવભાઈ ભાણાભાઈ રાઠોડ**

## ટ્રમ્પના તઘલગી નિર્ણયો

સાંપ્રત સમયમાં જાન્યુઆરી 2025માં બીજી વાર ચૂંટાયેલા અમેરિકાના 47મા રાષ્ટ્રપ્રમુખ એટલે ડોનાલ્ડ જોન ટ્રમ્પ. તેમનાથી કોઈ અજાણ નથી. તેમના તઘલકી નિર્ણયોથી સમગ્ર વિશ્વ ચિંતાગ્રસ્ત છે. અમેરિકામાં વસતા મૂળ ભારતીયોના માથે પણ તેમના મનસ્વી નિર્ણયોની લટકતી તલવાર સતત ભયનું વાદળ બનીને ઊભી છે. આવતીકાલે શું થશે તેની કોઈને ખબર નથી. ખાસ કરીને તેમની ટેરિફ એટલે આયાત-નિકાસ પર લાદવામાં આવતા કરની ચુંગી વધારવાની નીતિથી વૈશ્વિક વેપાર અને સામાન્ય લોકોના ખિસ્સા પર સીધી અસર પડી રહી છે. આજની દુનિયામાં AI માત્ર મોબાઈલ કે કમ્પ્યુટરની સ્ક્રીન પૂરતું રહ્યું નથી. તેની પાછળ ચાલતાં વિશાળ ડેટા સેન્ટરો હવે વીજળી, પાણી અને ચિપ્સની વૈશ્વિક માંગને પણ બદલી રહ્યાં છે. એટલે આવતીકાલની ટેક્નોલોજીની સ્પર્ધા માત્ર બુદ્ધિની નહીં, પરંતુ ઊર્જા અને સંસાધનોની પણ હશે. બીજી તરફ ઈરાન સાથેની ખેંચતાણ હોય, રશિયા-યુક્રેન યુદ્ધ હોય, ચીન સાથેના ટેરિફના સોદા હોય કે ભારત પર રશિયન તેલને લઈને દબાણ હોય, ટ્રમ્પની નીતિઓનો પડઘો હવે અમેરિકાની સરહદો પાર સંભળાઈ રહ્યો છે. એક તરફ વાટાઘાટો અને સમાધાનની વાત, તો બીજી તરફ ટેરિફ અને પ્રતિબંધો; દુનિયા હવે એ જ વિચારે કે, 'ટ્રમ્પ વગાડે વાતોનો ડ્રમ, પણ તેની ધૂનનો ભાર આખી દુનિયા કેમ વહન કરે?'

**સુરત** — **યુનુસ આર. શેખ**

## પરંપરા અને આધુનિકતાનો સમન્વય

નવરાત્રિ એ શક્તિની આરાધના અને ભારતીય સંસ્કૃતિનું પવિત્ર પર્વ છે. નવ દિવસ સુધી માતાજીની પૂજા, આરતી અને ગરબાના તાલે લોકો ભક્તિમાં તરબોળ બને છે. આજના સમયમાં નવરાત્રિની ઉજવણીમાં આધુનિક આયોજન, આકર્ષક રોશની અને વિશાળ ગરબા મેદાનોનો ઉમેરો થયો છે. તેનાથી યુવાનોમાં પણ આ પર્વ પ્રત્યે આકર્ષણ વધ્યું છે. પરંતુ ઉત્સવની ભવ્યતા જાળવવાની સાથે તેની મૂળ પરંપરા અને ધાર્મિક ભાવનાને પણ જાળવવી જરૂરી છે. ગરબા માત્ર મનોરંજન નથી, પરંતુ માતાજીની આરાધનાનું પ્રતીક છે. આજની યુવા પેઢી આધુનિક સંગીત અને નવા અંદાજમાં ગરબા રમે તે આવકાર્ય છે, પરંતુ તેમાં સંસ્કાર અને સંસ્કૃતિનું જતન પણ થવું જોઈએ. નવરાત્રિ આપણને ભક્તિ, એકતા અને સહઅસ્તિત્વનો સંદેશ આપે છે. ઉત્સવમાં નાના-મોટા, અમીર-ગરીબ સૌ સાથે મળીને આનંદ માણે તે જ તેની સાચી સુંદરતા છે. જો આધુનિકતા સાથે પરંપરાનું ગૌરવ જાળવવામાં આવે તો નવરાત્રિની ઉજવણી વધુ સાર્થક બની શકે છે.

**સુરત** — **વિશાલ પટેલ**

## પ્રતિષ્ઠા નહીં, પુરાવા; પ્રચાર નહીં, સત્યની શોધ

આપણા સમાજમાં ઘણી વાર વ્યાવસાયિક લાયકાત અને જાહેર પ્રતિષ્ઠાને વૈચારિક વિશ્વસનીયતાનો પર્યાય માની લેવામાં આવે છે. પરંતુ કોઈ વ્યક્તિ ડૉક્ટર, વકીલ, રાજકીય વિશ્લેષક કે ધાર્મિક પ્રવચનકાર હોય, તો પણ તેના દરેક દાવાને આપમેળે સાચો માની શકાય નહીં. રાજકીય કે ધાર્મિક માન્યતા વ્યક્તિગત સ્વતંત્રતાનો વિષય છે, પરંતુ ઈતિહાસ, વિજ્ઞાન, ધર્મ અને બંધારણ અંગેના દાવાઓની ચકાસણી જરૂરી છે. પૌરાણિક કથાઓને ઐતિહાસિક તથ્ય ગણાવવાં, અંધશ્રદ્ધાને પ્રોત્સાહન આપવું કે કુતર્કને જ્ઞાન તરીકે રજૂ કરવું તર્ક અને પુરાવાની કસોટી માગે છે. ચૂંટણી પંચના સમર્થનમાં નિવેદન આપનારા 42 પૂર્વ ન્યાયાધીશોના અભિપ્રાયનું મૂલ્યાંકન પણ તેમની પ્રતિષ્ઠાને બદલે તથ્યો અને બંધારણીય દલીલોના આધારે થવું જોઈએ. તેમની દલીલોની સમીક્ષા કરવી અપમાન નહીં, પરંતુ લોકશાહી સંવાદનો ભાગ છે. સોશ્યલ મીડિયા અને વોટ્સએપ પર ફેલાતા ભ્રામક દાવાઓ સામે નાગરિકોએ જાગૃત રહેવું જોઈએ. શિક્ષણનો સાચો અર્થ પ્રશ્નો પૂછવા, પુરાવા તપાસવા અને ભૂલ સ્વીકારવાની પ્રામાણિકતા કેળવવાનો છે. વ્યક્તિપૂજા નહીં, પુરાવા; પ્રતિષ્ઠા નહીં, તર્ક; અંધશ્રદ્ધા નહીં, વૈજ્ઞાનિક અભિગમ–આ જ જવાબદાર નાગરિકતાનો પાયો છે.

**સુરત** — **નિલેશ ચૌહાણ**

## ઓનલાઈન ખરીદીનું વધતું ચલણ

આજના સમયમાં ઓનલાઈન ખરીદીનું ચલણ ઝડપથી વધી રહ્યું છે. મોબાઈલ કે કમ્પ્યુટર દ્વારા ઘરબેઠાં કપડાં, અનાજ, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ અને અન્ય ચીજવસ્તુઓ ખરીદી શકાય છે. ઓનલાઈન ખરીદીમાં સમયની બચત થાય છે અને વિવિધ વસ્તુઓની કિંમતની સરખામણી કરવી પણ સરળ બને છે. અનેક કંપનીઓ આકર્ષક ડિસ્કાઉન્ટ અને ઓફર આપતી હોવાથી લોકો ઓનલાઈન ખરીદી તરફ આકર્ષાય છે. જોકે, તેની કેટલીક મર્યાદાઓ પણ છે. ઘણી વખત વસ્તુની ગુણવત્તા અપેક્ષા મુજબ હોતી નથી, ખોટી વસ્તુ મળવાની કે ઓનલાઈન છેતરપિંડી થવાની શક્યતા રહે છે. વધુ પડતી ખરીદીથી બિનજરૂરી ખર્ચ પણ વધી શકે છે. તેથી ઓનલાઈન ખરીદી કરતી વખતે વિશ્વસનીય વેબસાઈટનો ઉપયોગ કરવો, સમીક્ષાઓ વાંચવી અને ચુકવણીમાં સાવચેતી રાખવી જરૂરી છે. સુવિધાનો લાભ લેવો જોઈએ, પરંતુ સમજદારીપૂર્વક ખરીદી કરવી એ જ યોગ્ય અભિગમ છે.

**વ્યારા** — **તૃપ્તિ રાણા**

## સેલ્ફ પરિવર્તન એક કળા છે

આજના સ્વાર્થથી ભરેલા આધુનિક કળિયુગમાં સાધુ-સંતો અને કથાકારો ધાર્મિક ગ્રંથોનાં ઉદાહરણો દ્વારા જનહિતમાં કેવુ સંયમી સંતુલિત જીવન જીવવું જોઈએ? તેમજ જીવનમાં શું કરવું જોઈએ? એ અંગે આત્મચિંતન કરીને પોતાની અંદરની નકારાત્મક ઊર્જાઓ જડમૂળથી નષ્ટ કરીને હકારાત્મક ઊર્જાનો સંચાર કરીને પરિવર્તન લાવવું જોઈએ. એ અંગે માર્ગદર્શન આપીને સમાજ પ્રત્યે તેમની સચોટ ભૂમિકા ભજવી રહી છે, પરંતુ સામાન્ય વ્યક્તિઓ પણ મેડીટેશન, યોગા અને આત્મચિંતન દ્વારા પોતાનામાં હકારાત્મક પરિવર્તન લાવી શકે છે. પરિવર્તન એ અભ્યાસથી આવે છે. તનાવમુક્ત શાંતિમય જીવન જીવવા માટે સેલ્ફ પરિવર્તન ખૂબ જ જરૂરી છે.

**સુરત** — **રાજુ રાવલ**